**તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭ | ૮ એપ્રિલ, ૨૦૧૬, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચીન સાથે સંરક્ષણ સંબંધ મજબૂત બનાવાશે

## સંરક્ષણ સંબંધને મજબુત કરવા પારિકર ટૂંક સમયમાં ચીન જશે : ચીનની ઐતિહાસિક યાત્રા દરમિયાન પારિકર દ્વિપક્ષીય મુદ્દાઓ ઉપર ચર્ચા કરશે : ચીનના અધિકારીઓ ભારત આવશે : સરહદી મુદ્દો છવાય તેવી વકી

નવી દિલ્હી,તા. ૭

ભારતના સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર ચીન સાથેના સંબંધોને મજબુત કરવાના હેતુથી આ મહિનામાં જ ચીન જનાર છે. પારિકરની આ ભારત યાત્રા એવા સમય પર આવી રહી છે જ્યારે પાકિસ્તાન સ્થિત ખતરનાક ત્રાસવાદી સંગઠન જેશે મોહમ્મદના લીડર મસુદ અઝહર પર પ્રતિબંધ મુકવાની ભારતની હિલચાલનો ચીને વિરોધ કર્યો હતો. ભારતની સામે ચીને અડચણો ઉભી કરી હતી. સુત્રોએ કહ્યુ છે કે પારિકર ૨૦૧૩ બાદથી ચીનની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય સંરક્ષણ પ્રધાન બનનાર છે. પારિકર ત્રણ દિવસની યાત્રા પર ચીન જઈ રહ્યા છે. આ યાત્રા ૧૮મી એપ્રિલના દિવસે શરૂ કરવામાં આવનાર છે.એવી આશા છે કે તેઓ ચીનના ટોપના નેતાઓ સાથે વાતચીત કરશે. પારિકર પહેલા વર્ષ ૨૦૧૩માં એકે એન્ટોનીએ ભારતની યાત્રા કરી હતી. પારિકરની યાત્રા દરમિયાન કોઈ સમજુતી કરવામાં આવશે નહી. આ યાત્રાને એક દ્વિપક્ષીય યાત્રા તરીકે જોવામાં આવે છે. જેનો હેતુ સંબંધોને નવી મજબુતી આપવાનો રહ્યો છે. ચીનના ટોચના અધિકારીઓ પહેલા ભારત આવનાર છે. ત્યારબાદ પારિકર ચીન જનાર છે. ચીન અને ભારત જટિલ સરહદી વિવાદ પર વાતચીતના કેટલાક રાઉન્ડ કરી ચુકયા છે. ખાસ પ્રતિનિધીઓ છેલ્લા કેટલાક સમયથી વાતચીત કરી રહી છે. સરહદ પર સ્થિતી હાલમાં શાંતિપૂર્ણ રહી છે. કોઈ તંગદીલી નથી પરંતુ તેમની વચ્ચે ખેંચતાણના મુદ્દા કેટલાક રહેલા છે. હાલમાં જ ભારતે પઠાણકોટ ત્રાસવાદી હુમલા બાદ મસુદ અઝહર પર પ્રતિબંધ મુકવા માટે દરખાસ્ત કરી હતી પરંતુ ચીને અડચણો ઉભી કરી હતી અને ભારતનો સાથ આપ્યો ન હતો. પારિકરની યાત્રા પર તમામની નજર છે. ભારતીય અધિકારીઓનું કહેવું છે કે, સંયુક્ત રાષ્ટ્રમાં મસૂદ અઝહર પર પ્રતિબંધ મુકવા માટેની ભારતની હિલચાલનો ચીને વિરોધ કર્યા બાદ પણ મનોહર પારિકરની આ યાત્રા યથાવતરીતે આગળ વધશે. આનાથી યાત્રાને કોઈ અસર થશે નહીં. બંને પક્ષો લશ્કરી સંબંધોને સુધારવાને મહત્વ આપી રહ્યા છે.




# દેશમાં હજુ મોદી લોકપ્રિય નેતા : સર્વે



## તમામની અપેક્ષા પૂર્ણ કરવામાં સફળ રહ્યા છે : દેશના ૭ સૌથી મોટા શહેરોમાં મોદીની લોકપ્રિયતા હજુ પણ અકબંધ : મોદી સરકારને જોરદાર સમર્થન યથાવત

નવી દિલ્હી,તા. ૭

દેશના શહેરોમાં રહેતા પગારદાર વર્ગ અને મધ્યમ વર્ગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા આજે પણ અકબંધ રહી છે. મોદી લોકોની અપેક્ષા મુજબ પગલા લેવામાં સફળ સાબિત થયા છે. ખાસ કરીને દેશના સાત સૌથી મોટા શહેરોમાં પ્રવાહ હજુ પણ મોદીની સાથે છે. સ્પષ્ટ બહુમતિની સાથે સત્તામાં આવ્યાના આશરે બે વર્ષ બાદ પણ મોદીની લોકપ્રિયતા અકબંધ રહી છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારને જુદા જુદા પાસા પર સમર્થન લોકોનુ મળી રહ્યુ છે. અનેક પ્રકારના વિવાદોમાં રહેવા અને પોતાના સુધારા એજન્ડાની ખાસ બાબત પર સરકાર આગળ નહી વધી હોવા છતાં સ્થિતી એ છે કે ભાજપની સ્થિતી મજબુત છે. આ બાબત આઈટી-ટીએનએસના સર્વેમાં સપાટી પર આવી છે. આર્થિક મોરચાની વાત કરવામાં આવે તો મોદી સરકારને લોકો ૮૬ ટકા રેટિંગ આપી રહ્યા છે. ૬૨ ટકા લોકોનુ કહેવુ છે કે રોજગારની તક ઉભી કરવાના મોરચે

● અનુસંધાન પાન-૭ પર

# હાર્દિક પટેલની જામીન અરજીની ૧૩મીએ સુનાવણી

અમદાવાદ, તા.૭

પાટીદાર અનામત આંદોલન લીડર હાર્દિક પટેલ દ્વારા દાખલ કરવામાં આવેલી નિયમિત જામીન માટેની અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી પરંતુ આ મામલે સુનાવણી ટળી ગઈ હતી. હવે સુનાવણી ૧૩મી એપ્રિલના દિવસે હાથ ધરાશે. હાર્દિક સામે અમદાવાદ અને સુરતમાં રાજદ્રોહનો કેસ દાખલ કરવામાં આવેલો છે. સેશન કોર્ટે રાજદ્રોહ કેસના સંબંધમાં આવી જ એક અરજી ગયા સપ્તાહમાં ફગાવી દીધી હતી ત્યારબાદ હાર્દિકે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી. અગાઉની જામીન અરજીઓ ફગાવી દીધા બાદ ૨૨ વર્ષીય હાર્દિક ચાર મહિનાથી જેલમાં છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વિનર હાર્દિક પટેલની જામીન અરજી વકીલે દલીલ રજુ કરી હતી કે હાર્દિકને આ કેસોમાં ખોટી રીતે ફસાવાયો છે. ૨૫મી ઓગસ્ટે અમદાવાદમાં જે મહારેલી યોજાઈ હતી. તેમાં હાર્દિકે રાજદ્રોહનો ગુનો બને તેવા નિવેદનો કર્યા નથી. આ ઉપરાંત પોલીસના ઈન્ટરસેપ્ટમાં પણ હાર્દિક સામે રાજદ્રોહનો કેસ બને તેવા કોઈ પુરાવા નથી. હાર્દિકની જામીન અરજીની સુનાવણી આજે

● અનુસંધાન પાન-૭ પર







